માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં
બીનશૈક્ષણિક કર્મચારીઓની નિવૃત્તિ સમયે રજાનું
રોકડમાં રૂપાંતર બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: બમશ/૧૧/૨૦૧૩/૧૮/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.03/0૧/૨૦૧૯

**વંચાણે લીધા:**

(૧) વિભાગનો તા.0૪/0૮/૧૯૯0નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૯0/૫૧/ભાગ-૨/ગ.
(૨) વિભાગનો તા.0૪/0૯/૧૯૯0નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૯0/૫૧/ભાગ -૨/ગ.
(૩) નાણાં વિભાગનો તા.૨૬/03/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક: એલવીઈ/૧0૯0/(ડી-૩0)/૫.
(૪) નાણાં વિભાગનો તા.૧૬/0૭/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: એલવીઈ/૧0૯૮/૧0૨૪/૫.
(૫) ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો- ૨00૨ તા.૧૫/૧૧/૨00૨.
(૬) નાણાં વિભાગના તા.૨૧/0૪/૨00૭ના જાહેરનામા ક્રમાંક: જીએન-૧૪ / આરજેએ / ૨00૬ / યુઓ/૪૪૪-પી.
(૭) નાણાં વિભાગનો તા.૧૫/0૧/૨0૧0નો ઠરાવ ક્રમાંક: પીઈઆર/૧00૯/૧૬/પે સેલ.(મ).
(૮) નાણાં વિભાગનો તા.03/૧0/૨0૧૨નો ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧00૯/૭૫/(પાર્ટ-૧) પે-સેલ(પી)
(૯) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૬/03/૨0૧૩નો પરિપત્ર
(૧0) વિભાગનો સરખા ક્રમાંકનો તા.0૨/૧૧/૨0૧૩નો પરિપત્ર
(૧૧) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા.0૮/૧0/૨0૧૮ નો પત્ર ક્રમાંક: ધ/માધ્યમિક/પેન-૧/વશી/રજા રોકડ/ પરિપત્ર/૨0૧૮/૨૧૯૪૮.
(૧૨) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૩/૧0/૨0૧૮નો પરિપત્ર

**આમુખ :**

સરકારી તથા અનુદાનિત બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્ત રજાઓનું નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવા બાબતે વિભાગના વંચાણે લીધા ક્રમ(૧)ના તા.0૪/0૮/૧૯૯0ના ઠરાવથી તેઓના ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધ પગારી રજાઓ જમા હોય તેની અડધી રજાઓ પુરા પગારની ગણીને બન્ને મળી કુલ-૨૪0 દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતર કરી આપવાનું ઠરાવવામાં આવેલ હતું.

પ્રસ્તુત બાબતે વિભાગના વંચાણે લીધા ક્રમ(૨)ના તા.0૪/0૯/૧૯૯0ના ઠરાવથી સરકારી તથા બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વેકેશન ભોગવતા શિક્ષકો તથા આચાર્યોના રજાના હિસાબમાં અર્ધા પગારની રજાની અવેજીમાં પ્રત્યેક વર્ષના જાન્યુઆરી અને જુલાઈના પ્રથમ દિવસે અનુક્રમે પાંચ દિવસનો એક, એવા બે હપ્તામાં પ્રાપ્તરજા અગાઉથી જમા કરવાનું ઠરાવવામાં આવેલ હતું તથા વિભાગનો વંચાણે લીધા ક્રમ(૧)નો તા.0૪/0૮/૧૯૯0નો ઠરાવ રદ કરવામાં આવેલ હતો.

નાણાં વિભાગના વંચાણે લીધા ક્રમ(૩)ના તા.૨૫/૦૩/૧૯૮૮ના ઠરાવથી આચાર્ય/શિક્ષકોના ખાતે જમા રહેતી બચતી પ્રાપ્ત રજા તથા જમા રહેતી અર્ધપગારી રજાના અડધા ભાગની રજા એમ બન્ને મળી કુલ ૨૪૦ દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનું ઠરાવેલ હતું તથા નાણાં વિભાગના વંચાણે લીધા ક્રમ(૪)ના તા.૧૫/૦૭/૧૯૮૮ના ઠરાવથી ઉક્ત ૨૪૦ દિવસની મર્યાદામાં વધારો કરી કુલ ૩૦૦ દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનું ઠરાવેલ હતું.

ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમ - ૨૦૦૨ના નિયમ ૬૫(૪) મુજબ વેકેશન ખાતામાં કામ કરી ચૂકેલા સરકારી કર્મચારી પણ નિયમો ૬૪ અને ૬૫ની જોગવાઈ હેઠળ તેના ખાતે જમા પ્રાપ્ત રજાનો ત્રણસો દિવસના મર્યાદામાં રોકડમાં રૂપાંતરના હકદાર થવા બાબતે તથા તેના ખાતેના રજાના હિસાબમાં ત્રણસો દિવસ કરતાં રજા ઓછી હશે, તો વેકેશન સમય માટે ઉપાર્જીત કરેલ અર્ધપગારી રજાથી અડધી પરંતુ એકસો પચાસ દિવસની મર્યાદામાં ઉમેરીને સરવાળો ત્રણસો દિવસનો થાય તેમ કરવા બાબતે જોગવાઈ કરવામાં આવેલ હતી. આ જોગવાઈમાં નાણાં વિભાગના વંચાણે લીધા ક્રમ(૫)ના તા.૨૧/૦૪/૨૦૦૭ના જાહેરનામાથી "એકસો પચાસ દિવસની મર્યાદામાં" આ શબ્દો રદ કરેલ હતાં.

ત્યારબાદ ભારત સરકારના ધોરણે ૩૦૦ રજાનો પગાર આપવાની જોગવાઈઓ નાણાં વિભાગના વંચાણે લીધા ક્રમ(૭)ના તા.૧૫/૦૧/૨૦૧૦ના ઠરાવથી સંકલિત સ્વરૂપે પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી જે અમલમાં આવતાં અગાઉની તમામ જોગવાઈઓ રદ થયેલ હતી. આ ઠરાવ મુજબ નિવૃત્તિ સમયે ખાતામાં ૩૦૦ હક્ક રજા જમા ન હોય તેવા સંજોગોમાં ૩૦૦ રજામાં ખુટતી અર્ધપગારી રજા ઉમેરી, ૩૦૦ રજાની મર્યાદામાં રજાના રોકડમાં રૂપાંતરનો લાભ આપવાનું ઠરાવેલ પરંતુ અર્ધપગારી રજાઓનો રૂપાંતરણનો (પૂરા પગારનો) લાભ આપવાનો રહેશે નહિ તેવી જોગવાઈ કરેલ હતી.

નાણાં વિભાગના વંચાણે લીધા ક્રમ(૮)ના તા.૦૩/૧૦/૨૦૧૨ના ઠરાવથી ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો-૨૦૦૨નો નિયમ:૬૫(૪), નાણાં વિભાગના તા.૨૧/૦૪/૨૦૦૭ના જાહેરનામાથી કરવામાં આવેલ સુધારો તથા નાણાં વિભાગના તા.૧૫/૦૧/૨૦૧૦ અને તા.૦૨/૦૨/૨૦૧૨ના ઠરાવોની જોગવાઈઓ વેકેશન ખાતાના કર્મચારીઓને લાગુ પડશે તેવું ઠરાવેલ હતું.

નાણાં વિભાગના ઉક્ત તા.૧૫/૦૧/૨૦૧૦ તથા તા.૦૩/૧૦/૨૦૧૨ના ઠરાવોના સંદર્ભમાં અમલીકરણ અંગે અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થતાં, નાણાં વિભાગના પરામર્શ બાદ શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ(૯)ના તા.૨૬/૦૩/૨૦૧૩ના પરિપત્રથી રાજ્યની સરકારી, બિન સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યો ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધપગારી રજાઓનું તેમની નિવૃત્તિ સમયે બન્ને મળીને કુલ ૩૦૦ દિવસનું રોકડમાં રૂપાંતર કરવા દેવા માટેની સ્પષ્ટતા કરવામાં આવેલ હતી.

વધુમાં, વિભાગના તા.૨૬/૦૩/૨૦૧૩ના પરિપત્રના અર્થઘટનમાં પ્રશ્નો ઉપસ્થિત થતાં, નાણાં વિભાગના પરામર્શ બાદ આ વિભાગ દ્વારા વંચાણે લીધા ક્રમ(૧૦)ના તા.૦૨/૧૧/૨૦૧૩ના પરિપત્રથી ઉદાહરણ રૂપે સ્પષ્ટતા કરવામાં આવેલ હતી.

નિયામકશ્રી, શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમ(૧૧)ના તા.૦૮/૧૦/૨૦૧૮ના પત્રથી વિભાગના તા.૦૨/૧૧/૨૦૧૩ના પરિપત્રની અમલવારી સંબંધમાં એ.જી.રાજકોટ દ્વારા કરવામાં આવેલ પૃચ્છાના અનુસંધાને જરૂરી સ્પષ્ટતાઓ કરવામાં સમય જાય તેમ હોવાથી શિક્ષણ વિભાગના વંચાણે લીધા

ક્રમ (૧૦)હેઠળના તા.૦૨/૧૧/૨૦૧૩ના પરિપત્રથી પ્રસિદ્ધ થયેલી સૂચનાઓ વિભાગના વંચાણે લીધા ક્રમ(૧૧)ના તા.૨૩/૧૦/૨૦૧૮ના પરિપત્રથી સ્થગિત કરવામાં આવેલ હતી.

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ(૧૧)ના તા.૨૩/૧૦/૨૦૧૮ના પરિપત્રના અનુસંધાને આ પરિપત્ર રદ કરી અગાઉના ધોરણે નિવૃત્તિ સમયે ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતરણ ચાલુ રાખવા રજૂઆતો મળતાં, આ બાબત સરકારની વિચારણામાં હતી.

**પરિપત્ર:**

પુખ્ત વિચારણાના અંતે, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોમાં સમાનતા જળવાય તે હેતુથી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓની નિવૃત્તિ સમયે રજાનું રોકડમાં રૂપાંતર કરવા બાબતે વિભાગના સરખા ક્રમાંકના તા.૦૨/૧૧/૨૦૧૩ના પરિપત્રથી પ્રસિદ્ધ કરવામાં આવેલ સૂચનાઓ તથા સ્પષ્ટતાઓ યથાવત રાખવામાં આવે છે તથા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૩/૧૦/૨૦૧૮નો પરિપત્ર મૂળ અસરથી રદ કરવામાં આવે છે.

આ સ્પષ્ટતા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૮/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ સૂચના અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.એમ.મીસણ)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

* માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી).
* માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
* માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
* માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી(પ્રા.શિ.અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* અ.મુ.સ.શ્રીના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
* પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર.
* પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, ૧૮, કૃપા સોસાયટી, માંગલિક પાર્ટી પ્લોટની બાજુમાં, અક્ષર ફાર્મ રોડ, આણંદ-૩૮૮૦૦૧.
* પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ, 'ભુપેન્દ્ર ગજેન્દ્ર શિક્ષક ભવન', ૩૦૧, રીલીફ શોપીંગ સેન્ટર, સલાપસ રોડ, જી.પી.ઓ.પાસે, અમદાવાદ.